Done

સીટી લાઈફ (સિટી લાઈફ)
તા. 21/12/21
પેજ નં - 01

# BAOU ખાતે મહર્ષિ શિવકૃપાનંદ સ્વામીની હિમાલયન મેડિટેશન શિબિર યોજાઇ



**સિટી લાઈફ** : ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી(BAOU) અને શ્રી શિવકૃપાનંદ સ્વામી ફાઉન્ડેશનના સહયોગથી BAOU ખાતે હિમાલયન મેડિટેશનની શિબિર યોજાઇ. જેમાં મહર્ષિ શિવકૃપાનંદ સ્વામીના સાનિધ્યમાં એક હજાર લોકોએ હિમાલયન ધ્યાન અંગે માર્ગદર્શન મેળવ્યું. મહર્ષિ શિવકૃપાનંદ સ્વામીએ કહ્યું કે, આધ્યાત્મિક પ્રગતિ માટે સંસાર ત્યાગવાની બિલકુલ જરૂર નથી. સાંસારિક લોકો પણ આધ્યાત્મક પ્રગતિ સાધી શકે છે. ચિત્ત શુદ્ધ હોય તો ઘણા સારા કાર્યો થાય છે. અંતર્મુખી હોય તો તે મજબૂત બને છે. ધ્યાન અને યોગથી તમારા ઓરાનો વિકાસ થાય છે અને તમારા ઓરાના પ્રતાપે જ નકારાત્મક વિચાર કે ખરાબ બાબતો તમારાથી આપોઆપ દૂર થઇ જાય છે.